| |
|---|
| <u>અગ્રતા ક્રમ : ૧૦</u><br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૯૪૨<br>વિષય: દાંતીવાડા જળાશયને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા બાબત<br>પ્રશ્ન  પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ ( ધાનેરા) |
| પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ ( ધાનેરા). |
| **પૂરક પ્રશ્ન (૧) :** ગુજરાત સરકાર સિવાય ભારત સરકારની પ્રસાદ પરીયોજના અંતર્ગત અંબાજી ખાતે કઈ કઈ કામગીરી હાથ ધરેલ છે? |
| જવાબ:<br>માન.અધ્યક્ષશ્રી<br>પ્રસાદ પરિયોજના અંતર્ગત અંબાજી ખાતે કુલ બે તબ્બકામાં કામગીરી કરવામાં આવી રહેલ છે.<br><br>✸ પ્રથમ તબ્બકા માં અંબાજી ખાતે ભારત સરકારની પ્રસાદ સ્કીમ અંતર્ગત પ્રવાસીઓની સુવિધા અન્વયે પ્રવાસી સુવિધા કેન્દ્ર (પાર્કીંગ, રેસ્ટીંગ એરિયા, કોમ્યુનીટી કીચન, પ્રસાદ રૂમ, એડમીનીસ્ટ્રેટીવ રૂમ, લોકર, પીવાના પાણીની |

સુવિધા, શૌચાલય, કોમ્યુનીટી ડાઈનીંગ એરિયા, કલોક રૂમ, લેન્ડસ્કેપીંગ) ની કામગીરી માટે એજન્સીને રકમ રૂ.૩૩૪૬.૫૨ લાખનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેમાંથી રકમ રૂ.૨૨૧.૦૦ લાખ નો ખર્ચ થયેલ છે.

- બીજા તબ્બકાની કામગીરીમાં ગબ્બર ખાતે પગથિયાનું નવિનીકરણ, બેઠક વ્યવસ્થા, શેડેડ રેસ્ટીંગ એરીયા, પોલીસ બૂથ, પીવાના પાણીની સુવિધા, સી.સી.ટી.વી તથા પી.એ સીસ્ટમ અને ટોયલેટ બ્લોકની કામગીરી નો સમાવેશ છે. સદર કામગીરી માટે એજેંસીને ૨૪ કરોડનો એલ. ઓ. આઈ. આપવા માટેની ફાઈલ સરકારમાં મંજુરી હેઠળ છે.